ક્રમાંક : જમન/૨૯-એ/બ/ ૨૯૯૧-૩૦૦૪/૧૫-૧૬

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા : ૨ /૧૦/૨૦૧૫.

વિષય:- ડાયવર્ઝન ઓફ ૦.૧૮૦૯ હેક્ટર ઓફ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર લેઇંગ દહેજ- નાગોથાને ઇથાને પાઇપ લાઇન (ડી.એન.ઇ.પી.એલ) પ્રોજેક્ટ અંડર ધ પ્રોવિઝન ઓફ ફોરેસ્ટ કન્ઝરવેશન એક્ટ,૧૯૮૦ ઇન સોશીયલ ફોરેસ્ટ્રી ડીવીઝન, ભરૂચ, સુરત, નવસારી, એન્ડ વલસાડ ડિવીઝન.

સંદર્ભ:- વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, ભરૂચના પત્ર ક્રમાંક :
અ/જમન/ટે-૯/૨૩૭૬-૮૦, તા.૧૯/૦૯/૨૦૧૫.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત આપના પત્રથી વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે સાદર કરેલ છે. સદરહું દરખાસ્તની ચકાસણી કરતાં દરખાસ્તમાં અધુરાશ હોઇ આ સાથે દરખાસ્તની તમામ નકલો જરૂરી પુર્તતા સારૂ પરત કરવામાં આવે છે, નીચે મુજબના મુદ્દાઓની પૂર્તતા કરી દરખાસ્ત અત્રે પુનઃસાદર કરવા વિનંતી છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં નાયબ વન સંરક્ષકશ્રી સા.વ.ભરૂચ, અને સા.વ.નવસારી, દ્વારા અપલોડ કરવાના થતા પાર્ટ-૨ ફોર્મને બદલે દરખાસ્ત સર્કલ ઓફીસને સાદર કર્યાનો ફોરવર્ડીંગ લેટર અપલોડ કરેલ છે જેથી બંને ડીવીઝન ઓફીસના પાર્ટ-૨ ઓન લાઇન અપલોડ કરવા ના રહેશે.

(૨) દરખાસ્તમાં નાયબ વન સંરક્ષકશ્રી સા.વ.વલસાડ દ્વારા પાર્ટ-૨ અપલોડ કરેલ જ નથી જેથી પાર્ટ-૨ ઓન લાઇન અપલોડ કરવાનું રહેશે.

(૩) જયારે અલગ અલગ ડીવીઝનની દરખાસ્તો વર્તુળ કક્ષાએ સંકલીત કરવાની થાય છે, ત્યારે વર્તુળ કક્ષાએ થી અલગ ચેકલીસ્ટ બનાવવાનું થાય છે, પરંતુ તેવુ ન કરતાં ડીવીઝન ઓફીસે દરખાસ્તમાં સામેલ રાખેલ ચેકલીસ્ટ અત્રે સાદર કરવામાં આવેલ છે જેથી નવીન ચેકલીસ્ટ સામેલ રાખવાનું રહેશે.

(૪) પેજ નં- ૫૭ પાર્ટ-૨ ની આઇટમ નં- vii માં કાપવાના થતા વૃક્ષોની સંખ્યા સામે 'One tree to be cut down' દર્શાવેલ છે, જ્યારે પેજ નં- ૩૦૧ પર સામેલ કાપવાના થતા વૃક્ષોની યાદી માં ત્રણ વૃક્ષો અને તેમની યાદી દર્શાવેલ છે જેથી વિસંગતતા સ્પષ્ટ કરવાની રહેશે અને તે મુજબ દરખાસ્તમાં એનેક્ષરમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૫) પાર્ટ-૨ ની આઇટમ નં-૮ માં યુંઝર એજન્સી દ્વારા જંગલ જમીનની માંગણી કરવામાં આવેલ છે તે અનિવાર્ય છે કે કેમ? અને તે અંગે વૈકલ્પીક રૂટની ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ? તેની સામે ના કોલમમાં દર્શાવેલ છે કે 'There is no other place for

road widening and strengthing', જે ખરેખર યોગ્ય નથી કેમ કે દરખાસ્ત રોડ વાઇડનીંગ માટેની નથી જેથી પાર્ટ-૨ માં જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત દરખાસ્તમાં કાપવાના થતા વૃક્ષોની સંખ્યા- ૬ છે. જેમાં ગોરસ આમલી (૧૨૧ સેમી CM થી વધુ), આબા, અને દેશી બાવળ જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે જેમાં તમામ વૃક્ષો ૯૦ CM ઉપરની ગર્થ વાળા છે. પ્રસ્તુત દરખાસ્ત પાઇપ લાઇન અંગેની છે જેથી શક્ય હોય તો પાઇપ લાઇનના એલાઇમેન્ટમાં જો સાધારણ ફેરફાર કરવામાં આવે તો તમામ વૃક્ષો બચાવી શકાય. વિકાસ ની સાથે સાથે પાર્યાવરણની સમતુલા જળવાઇ રહે તે પણ જરૂરી છે જેથી શક્ય હોય તો તમામ વૃક્ષો બચાવી લેવા પ્રયત્ન કરવાનો રહેશે. જો યુઝર એજન્સી સહમત થાય તો તેમના દ્વારા કોઇ વૃક્ષ કાપવામાં આવશે નહી તે અંગેનુ બાહેધરી પત્ર મેળવી દરખાસ્તમાં સામેલ રાખવાનું રહેશે.

(૭) પેજ નં-૩૯૩ પર સામેલ એનેક્ષરમાં પ્રોજેક્ટ એરીયાનું સેન્ચ્યુરી/ નેશનલ પાર્કથી અંતર ૫૮.૭૫ કિ.મી દર્શાવેલ છે, પરંતુ સેન્ચ્યુરી/ નેશનલ પાર્કનું નામ દર્શાવેલ નથી જે ખરેખર યોગ્ય ન કહી શકાય જેથી પ્રમાણપત્રમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૮) પાનનં- ૪૧૫ પર ઓવર લેપીંગ અંગે આપવાનું થતુ પ્રમાણપત્ર ગુજરાતીમાં આપવામાં આવેલ છે જેથી અંગ્રેજીમાં પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

(૯) દરખાસ્તમાં રીક્લેમેશન પ્લાન અને રીહેબીલીટેશન પ્લાન અંગેના પ્રમાણપત્રો પણ સામેલ ન હોવાથી સામેલ રાખવાના રહેશે.

વધુમાં વારંવાર અત્રેથી સુચના આપવામાં આવતી હોવા છતાં પણ વિભાગીય/ વર્તુળ કક્ષાએ થી દરખાસ્તની યોગ્ય ચકાસણી કરવામાં આવતી નથી, જેથી પત્ર વ્યહવારમાં સમયનો વ્યય થાય છે. ઓન લાઇન એન્ટ્રીમાં વિભાગીય/ વર્તુળ કક્ષાએ થી કરવામા આવતી ખોટી એન્ટ્રીના લીધે યુઝર એજન્સીના અતિ-મહત્વના કામોમાં વિલંબ થાય છે, જેથી ભવિષ્યમાં આવી ભુલો ન થાય તેની ખાસ કાળજી લેવા વિનંતી છે.

( અક્ષય કે. સક્સેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
સા.વ. વર્તુળ, ભરૂચ.

**નકલ રવાના :** નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, વલસાડ, સા.વ.ભરૂચ, સાવ.સુરત, સા.વ.નવસારી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ જય ભારત સહ રવાના :** 9th Floor, Maker chambers IV, 222, Nariman point, Mumbai-400021 for information.